| | | | |
|---|---|---|---|
| કેસ દા. થયા તારીખ | ૧૮/૧૨/૨૦૧૭ | | |
| કેસ રજી. થયા તારીખ | ૧૮/૧૨/૨૦૧૭ | | |
| કેસ ફેંસલ થયા તારીખ | ૩૦ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૬ | ૧૨ |

---

**<u>ભચાઉ એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, મુ. ભચાઉ–કચ્છ.</u>**

---

**ક્રિમીનલ કેસ નં. ૬૨૭/૨૦૧૭**

**આંક–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**તહોમતદાર:–** કનકસિંહ ઉર્ફે કનુભા ભુરૂભા સોઢા,
ઉ.વ. ૨૫, ધંધો– નોકરી,
રહે. ભરૂડિયા ઓઢ વિસ્તાર, ભચાઉ–કચ્છ.

---

**ગુનો:– પ્રોહી. એકટની કલમ: ૬૬(૧)(બી), ૬૫ (એ)(ઈ), ૧૧૬(બી) મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર. સૈયદ

આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી બી.એમ.દાફડા

---

**<u>:: જ જ મે ન્ટ ::</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૦/૦૭/૨૦૧૬ નારોજ કલાક ૧૯:૦૦ વાગ્યા દરમિયાન ભરૂડિયા ગામે ઓઢ વિસ્તાર,તા.ભચાઉ–કચ્છ. આ કામના

આરોપીએ ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો બીયર ટીન નંગ–૧૨૦ કિં.રૂા. ૧૨,૦૦૦/– તથા કવાટરીયા નંગ ૨૨૫ કિં.રૂા. ૨૨,૫૦૦/– તથા બોટલ નંગ ૪૫ કિં.રૂા. ૧૬૫૫૦/– એમ કુલ્લે કિં.રૂા.૫૧,૦૫૦/–નો અંગ્રેજી દારૂ ગે.કા.રીતે વેંચાણ અર્થે પોતાના કબજમાં રાખી રેડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય આરોપીઓ વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ નો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ ભચાઉ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરેલ.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતાં જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આ કેસ અત્રેની કોર્ટમાં ચલાવવાની સત્તા છે તે બાબતે બન્ને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિ.મિસ.એપ્લીકેશન નં.૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરૂદ્ધ ગુજરાત રાજયના ચુકાદામાં આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આરોપી સામે તહોમતનામું ફરમાવ્યાં બાદ પ્લી નોંધતાં, આરોપીએ તેમની સામેના હાલના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ જશુભા જીલુભા જાડેજાની જુબાની | ૧૩ |
| ૨. | પંચનામું | ૧૪ |
| ૩. | પંચ સાલેમામદ મામદ કુંભારની જુબાની | ૧૫ |

| | | |
|---|---|---|
| ૪. | સાહેદ ગોવીંદભાઈ નારણભાઈ નંદાણીયાની જુબાની | ૨૪ |
| ૫. | ફરીયાદ | ૨૫ |
| ૬. | ફરીયાદી રાજાભાઈ ભુરાભાઈ ધીયડની જુબાની | ૨૬ |
| ૭. | સાહેદ સુભાષભાઈ લાલજીભાઈ રાજગોરની જુબાની | ૨૮ |
| ૮. | સાહેદ અશોક વાલજીભાઈ પાતારીયાની જુબાની | ૨૮/સી |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યાબાદ ક્રિ.પ્રો.કો.કોડ કલમ-૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારએ તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદાર તરફે બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, તા. ૧૦/૦૭/૨૦૧૬ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યા દરમિયાન ભરૂડિયા ગામે ઓઢ વિસ્તાર, તા.ભચાઉ-કચ્છ. આ કામના આરોપીએ ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો બીયર ટીન નંગ- ૧૨૦ કિં.રૂા. ૧૨,૦૦૦/-તથા કવાટરીયા નંગ ૨૨૫ કિં.રૂા. ૨૨,૫૦૦/-તથા બોટલ નંગ ૪૫ કિં.રૂા. ૧૬૫૫૦/-એમ કુલ્લે કિં.રૂા. ૫૧,૦૫૦/-નો અંગ્રેજી દારૂ ગે.કા.રીતે વેંચાણ અર્થે પોતાના કબજમાં રાખી રેડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય આરોપીએ ધી ગુજરાત પ્રોહી.એકટની

કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી) મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ :– શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા છે. સદરહું પંચોએ પંચનામામાં સહી સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થન કારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, રજુ પંચનામાના પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદએ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે, સને ૨૦૧૬ માં તેઓ ભચાઉ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં ત્યારે ભચાઉ પો.સ્ટે.એ તેઓને પ્રોહી ગુ.ર.નં. ૫૧૭૪/૧૬ ના કામે આરોપી કનકસિંહ ભુરૂભા સોઢાના ગુનાની તપાસ સોંપેલી આ કામે પી.એસ.આઈ. આર.બી.ધીચડે આરોપી સામે ફરીયાદ આપેલી તથા અગાઉની તપાસ કરેલ હતી જેના કાગળો તેઓએ આ કામમાં સામેલ રાખેલા આરોપીને શ્રી ધીચડ સાહેબનાઓએ અટક કરેલા. આ કામે ધીચડ સાહેબનાઓએ તપાસ કરી લાગતાં–વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા અને તેઓની બદલી થતાં આ કામે આરોપી સામે પુરતાં પુરાવા આધારે તેઓએ માત્ર ચાર્જશીટ કરેલું. તેઓને આ કામની ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં પી.એસ.આઈ.શ્રી ધીચડ નાઓની સહી છે જે તેઓ ઓળખે છે.

- જ્યારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ લોકો તથા વાહનોની અવર–જવર ચાલુ રહે છે, આ કામે સંપુર્ણ તપાસ દરમિયાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મુદ્દામાલ દારૂની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન સંપુર્ણ તપાસ દરમિયાન લેવામાં આવેલ નથી. મુદ્દામાલ શીલ અને માર્કા અસલ છે કે કેમ તે બાબતેની કોઈ તપાસ કરવામાં આવેલ નથી. આ સિવાય આરોપીઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીએ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે, ગઈ તા. ૧૯/૦૭/ ૨૦૧૬ ના રોજ તેઓ ભચાઉ પો.સ્ટે.માં ફરજ બજાવતાં હતાં તે દરમિયાન ભચાઉ પો.સ્ટે.માં પી.આઈ. વી.જે. ગઢવી તથા હે.કોન્સ. અશોકભાઈ ,કોન્સ. સુભાષભાઈ તથા પો.કોન્સ. રાજેન્દ્ર પરમાર વગેરે સ્ટાફના માણસો સાથે ભરુડીયા ગામે અરજીની તપાસમાં હતાં તે દરમિયાન ઓડ વિસ્તારમાં રહેતા કનકસિંહ ભુરૂભા સોઢા ઇંગ્લીશ દારૂ રાખી વેંચાણ કરે છે તેવી હકીકત મળતાં તરત જ નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રૂબરૂ ઠરાવ કરી તેના ઘરે પ્રોહી અંગે રેડ કરતાં બીયરના ૧૨૦ ટીન તથા કવાટરીયા ૨૨૫, બોટલ ૪૫ કુલ મળી ૫૧૦૫૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી પ્રોહી રેડ દરમિયાનનું પંચનામું કરી પી.આઈ.વી.જે. ગઢવી પુરૂ કરી કલાક ૧૭:૦૦ થી ૧૯:૦૦ દરમિયાનનું કરી લેવામાં આવેલ અને તેના વિરૂદ્ધ તેઓએ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલ. પી.એસ.ઓ. વિરેન્દ્ર યાદવએ ભચાઉ પો. પ્રોહી ગુ.ર.નં. ૫૧૭૪/૧૬ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપવામાં આવેલ. તેઓએ સાહેદોના નિવેદનો લીધેલ તેમજ આરોપીના તપાસના કામે વધુ બે દિવસના રિમાન્ડ

મેળવી આગળની તપાસ કરવામાં આવેલ ત્યારબાદ મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસ પેન્ડીંગ હતી જે તેઓએ તેઓની બદલી થતાં આગળની તપાસ પી.એસ.આઈ.ને સોંપી આપેલ. તેઓને આંક ૨૫ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે.

– જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, ભરૂડિયા તેઓ અન્ય અરજીની તપાસ અર્થે ગયેલા ભચાઉથી તેઓ ભરૂડિયા પહોંચતા પહેલાં કયાય પણ રોકાયેલા નથી. ભરૂડિયા ગામે પંચાયત ઓફિસ પાસે ગયેલા તે જગ્યા પર ૧૫ મી.રોકાયેલા. ત્યારબાદ તેઓને હકીકત મળતાં રેડવાળી જગ્યાએ પંચો સાથે ગયેલા. આ બાતમી ગઢવી સાહેબને મળેલી. તેઓ ભરૂડિયા બે પ્રા.વાહનોથી ગયેલા. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સરતપાસમાં જે નામો લખાવેલો છે તે સિવાય તેઓની સાથે કોઈ ન હતું. તેઓ સ્થાનિક જગ્યાએ ૨ મીનીટમાં પહોંચેલા. પંચો ભરૂડિયાના રહેવાસી હતાં. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચોને ભચાઉથી સાથે લઈ ગયેલા નથી. રેડવાળી જગ્યા ઓઢવાળી તરીકે ઓળખાય છે, તે ગામની ઉતર તરફ દેખાય છે. રેડવાળી જગ્યાથી પુર્વ દિશામાં રહેણાંમ વિસ્તાર છે સાહેદ સ્વેચ્છાએ કહે છે કે, જાહેર રસ્તો હતો. દક્ષીણ દિશા તરફ શું હતું તે હાલે ખબર નથી. તેઓએ જે જગ્યાએ રેડ પાડી તેનો દરવાજો પુર્વ દિશામાં હતો. રેડવાળી જગ્યાએ બે રૂમો હતાં. તે બે રૂમ પૈકી પ્રોહી મુદ્દામાલ ન હતો. તેઓએ રેડ પાડી તે સમયે આરોપી હાજર હતાં એ સિવાય બીજુ કોઈ હાજર ન હતું, રેડવાળી જગ્યા રહેણાંકવાળી હતી, તેઓ તે જગ્યાએ આશરે બે કલાક રોકાયેલા. તેઅો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સ્થળ અંથેનું પંચનામું તેઓએ કરેલ નથી. આ કામે તેઓએ ચાર સાક્ષીઓના નિવેદનો લીધેલા. તેઓના ઉપરા અધિકારીએ લેખિતમાં તપાસ તેઓને સોંપેલી. આ ફરીયાદી તેઓએ આપેલી છે અને તપાસ પણ તેઓએ જ કરેલી છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, રેડવાળી જગ્યા બહાર આરોપીના

નામનો કોઈ બોર્ડ હોય તે પણ કબજે કરેલ નહીં. રેડવાળી જગ્યાએ આરોપીના રહેણાંક મકાનમાંથી આરોપીના નામના દસ્તાવેજ કે અન્ય કોઈપણ કાગળો તેઓએ કે તેઓના ઉપરી અધિકારીએ તે જગ્યાથી કબજે કરેલા નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, રેડવાળી જગ્યાએ જે પ્રાઈવેટ વાહનોમાં ગયેલા તેના નંબર તેઓને હાલ ખબર નથી. આ પ્રાઈવેટ વાહનો પોલીસ સ્ટાફના માણસો ચલાવતાં હતાં. આ સિવાય આરોપીઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદએ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવ વખતે ભચાઉ પો.સ્ટે.માં પો.હેડ કોન્સ. તરીકે ફરજ બજવતાં હતાં તા. ૧૦/૦૭/૨૦૧૬ નારોજ કલાક ૧૬:૪૫ કલાકે સાંજના ભાગે પી. એસ.આઈ. આર.બી.ધીયડ સાહેબ તથા પો.કોન્સ. દીલીપ ચૌધરી તથા ઈ.પો.ઈન્સ.બી.જે.ગઢવી સાહેબ તેમજ અશોકભાઈ પાતલીયા અરજીના કામે ભરૂડીયા ગામ તપાસમાં હતાં તે દરમિયાન પો.ઈન્સ. સાહેબે બે પંચોના માણસોને બોલાવી લાવવાનું જણાવતાં બે પંચોને બોલાવી લાવ્યા જેથી પો.ઈન્સ.સાહેબે હાજર પંચોને તેઓ પોલીસ સ્ટાફ મળેલ તેઓને સમજ કરી કે, ભરૂડીયા ગામમાં કનકસિંહ ઉર્ફે કનુભા ભુરૂભા સોઢા નામનો માણસ પોતાના ઘરે ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેંચાણ કરે છે તેવી હકીકતની સમજ કરેલ તેથી તેઓ પોલીસ સ્ટાફના માણસો અને પંચો સાથે બાતમીવાળી જગ્યાએ જતાં ત્યાં એક ઈસમ તેના ઘરની બહાર આવેલ જે ઈસમનું નામ પુછતાં પોતાનું નામ કનકસિંહ ઉર્ફે કનુભા ભુરૂભા સોઢા રહે. ભરુડીયા જણાવેલ તેથી તેને પંચો રૂબરૂ સાથે રાખી હકીકતની સમજ કરી પ્રોહી એકટની કલમ ૧૨૦ મુજબનો ઠરાવ કરી તેના ઘરની પાછળ આવેલ ઓરડીમાં તપાસ કરતાં ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો મળી આવેલ. જેમાં હેવર્ડ ૫૦૦૦ બીયર ૫૦૦

એમ.એલ.ની ૧૨૦ બોટલ કિં.રૂા. ૧૨૦૦/– તથા રોયલ સ્ટેગ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની શીલબંધ નંગ ૬ કિં.રૂા.૨૪૦૦/– તથા મેકડોનેલ્ડ ૭૫૦ એમ.એલ.ની નંગ ૧૦ કિં.રૂા.૪૦૦૦/– તથા જીનની શીલબંધ બોટલ ૭૫૦ એમ.એલ.ની નંગ ૯ કિં.રૂા.૩૧૫૦/–તથા રેડ રોયલ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની નંગ ૨૦ કિં.રૂા. ૭૦૦૦/– રેડ રોયલ વ્હીસ્કી નાના શીલબંધ કવાટરીયા નંગ ૨૨૫ કિ.રૂા. ૨૨૫૦૦/– નો મુદ્દામાલ કબજામાં રાખવા સબક આરોપી પાસે પાસ–પરમીટ માંગતા નહીં હોવાનું જણાવતાં કલાક ૧૭:૦૦ થી ૧૯:૦૦ સુધી પંચનામું કરી મજકુરને અટક કર્યો. તે વખતે તેઓ રેડમાં સામેલ હતાં. આરોપી હાજર હોય તો ઓળખી શકે આરોપી તરફે ગે.હા. રીપોર્ટ આરોપીની ઓળખ અંગે તકરાર.

– જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, તેઓની સાથે પોલીસ માણસો સિવાય બે પંચો હાજર હતાં પંચોને બોલાવવા તેઓ ગયેલ. તેઓએ તેઓના નિવેદનમાં પંચોનું નામ જણાવેલ નહીં. પંચનામું બી.જે. ગઢવી સાહેબે કરેલું. બનાવસ્થળ રહેણાંક વિસ્તાર છે અને આજુબાજુ ઘણાં બધાં ઘરો આવેલા છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ઘર અને ઓરડી વચ્ચે ૨૦ ફૂટનું અંતર હશે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓની રૂબરૂ આરોપીનું ઓળખ અંગેનું કોઈ આધાર પુરાવો કબજે કરવામાં આવેલ હોય તેવું નથી. આ સિવાય આરોપી ઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદએ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે,તેઓ બનાવ વખતે ભચાઉ પો.સ્ટે.માં ફરજ બજવતાં હતાં દરમિયાન તા. ૧૦/૦૭/૨૦૧૬ ના રોજ તેઓ તથા પો.કોન્સ. રાજેન્દ્ર પરમારનાઓ, પો.ઈન્સ. વીજય ગઢવી સાહેબ સાથે પેટ્રોલીંગમાં હતાં અને ભરૂડીયા ગામે આવતાં કલાક– ૧૬:૪૫ વાગે પો.સબ ઈન્સ. આર.બી.ધીયડ તથા હેડ

કોન્સ. સુભાષભાઈ તેમજ દિલીપભાઈ મણકા, પો.ઈન્સ.સા.શ્રીએ એચ.સી. સુભાષભાઈને બે પંચોના માણસોને બોલાવી લાવવા જણાવતાં તેઓ બે પંચો બોલાવી લાવતાં પો.ઈન્સ.સા.શ્રીએ પંચો તથા તેઓ સ્ટાફના માણસોને મળેલ બાતમી હકીકતની સમજ કરેલ કે, ભરૂડીયા ઓધ વિસ્તારમાં રહેતાં કનકસિંહ ભુરૂભા સોઢા પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ગે.કા. રીતે વેંચાણ કરે છે તેવી હકીકતની સમજ કરી બાતમીવાળી જગ્યાએ આવી પો.ઈન્સ.સા.શ્રીએ પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ પસાર કરી મજકુરની તપાસ કરતાં પોતે હાજર મળી આવતા નામ પુછતાં પોતે પોતાનું નામ કનકસિંહ ભુરૂભા સોઢા ઉ.વ. ૨૫ વિસ્તાર ભરૂડીયાવાળો જણાવતાં મજકુરની તપાસ કરતાં મજકુરના રહેણાંક મકાનમાંથી બીયર ટીન ૫૦૦ એમ.એલ. નંગ ૧૨૦ કિં.રૂા. ૧૨૦૦૦/– જુદા–જુદા બ્રાન્ડની અંગ્રેજી દારૂની બોટલ નંગ ૪૫ કિં.રૂા. ૧૬૫૫૦/– તેમ જુદા–જુદા બ્રાન્ડના ૧૮૦ એમ.એલ. કવાટરીયા નંગ ૨૨૫ કિં.રૂા. ૨૨૫૦૦/– એમ કુલે કિં.રૂા. ૫૧, ૦૫૦/– નો મુદ્દામાલ મળી આવતાં પો.ઈન્સ.સા.શ્રીએ કલાક ૧૭:૦૦ થી ૧૯:૦૦ સુધીમાં પંચનામું કરી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરી, મજકુર આરોપીને ધોરણસર અટક કરી હતી જે રેડમાં તેઓ સાથે રહેલ હતાં. આરોપી પાસેથી પ્રોહી. મુદ્દામાલ કબજામાં રાખવા સબબ પાસ–પરમીટ ઉપરી અધિકારીશ્રીએ માંગેલ પરંતુ નહીં હોવાનું જણાવેલ. તેઓને આંક–૧૪ ની અટક પંચનામું અને મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું બતાવવામાં આવે છે. રેડ વખતે તેઓની હાજરીમાં પો.ઈન્સ. શ્રી ડી.જે. ગઢવીનાઓએ પંચો રૂબરૂ કરેલ છે. આરોપી કોર્ટમાં હાજર છે કે કેમ તે અંગે તેઓ જણાવી શકે નહીં કારણ કે, ઘણો સમય થઈ ગયો છે. આરોપીની ઓળખની તકરાર હોઈ આરોપીના ફોટા ચાર્જશીટમાં બતાવતા સાહેદ આરોપીને ઓળખી બતાવે છે.

– જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે

છે કે, એ વાત ખરી છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા અને ભરૂડિયા ૧૬:૪૫ એ પહોંચેલ હતાં. ભરૂડિયા પહોંચ્યા પહેલાં તેઓએ કોઈ રેડ કરેલ હોય તેવું બનેલ નથી.તેઓ સરકારી વાહનમાં હતાં તે વાહનમાં તેઓની સાથે વી.જે.ગઢવી તેઓ અને આર.સી. પરમાર હતાં. તેઓએ ત્રણ સિંવાય બીજા કોઈ માણસ હતા નહીં. સરકારી વાહનનું ડ્રાઈવર કોન હતો તે તેઓને યાદ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કોઈ પણ જગ્યાએ રેડ કરવા જાય તેની નોંધ જે તે પોલીસ સ્ટેશનમાં કરવાની હોય છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ માણસોના નામ સિવાય તેઓની સાથે કોઈ હતું નહીં. આ સિવાય આરોપીઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૧૨)** ઉપરોકત તપાસવામાં આવેલા પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. આ કામે ફરીયાદીએ જણાવેલ છે કે, પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ વિદેશી દારૂ, મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન કબજે કરેલ, પરંતુ આ કામે જે પંચોને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનમામાં સહી લીધેલ અને પંચનામાં અંગે કોઈ માહિતી નથી. આ પંચોની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તી કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે બનાવવાળી જગ્યાએ સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતાં તેમ છતાં ત.ક.અ. એ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતું નથી.

– આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ. પટેલ જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં. ૧</u>** નો

ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન–જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકરતાં ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાના કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ? આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવાપાત્ર થાય છે.

વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં. ૮૫ પ્રિસ્દ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશનના** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદિત કરેલ સિદ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલિટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલના કેસમાં મુખ્ય મહત્વના પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ

ક્રિમીનલ જ્યુરીશ્પૃડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

**(૧૩)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં ન્યાયોચિત જણાતું હોઈ, **મુદ્દા નં. ૧** નો નિર્ણય નકારમાં આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧).આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી)મુજબના ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧(૧)અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨).મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩).આરોપી તરફે અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ અન્વયે આ હુકમથી ૬(છ)માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ :–૩૦મી, માહે :–જુન, સને :– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :– ૩૦/૦૬/૨૦૨૬<br>સ્થળ :– ભચાઉ.<br><br>S.G.SONARA... | (એન.આર.પટેલ)<br>અધિક ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ<br>ભચાઉ@ કચ્છ.<br>(કોડ નં.જીજે૦૧૪૧૭) |